સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

આવી જે આડંખીલી મારગમાં વિંધાઇ ગઇ છે,
વડાપદની ખૂરશી નજરે ચિંધાઇ ગઇ છે
રંધાઇ ગઇ પ્રચાર લીલા, રૂંધાઇ ગયા પક્ષો
છૂટતી ન છાપ જૂની ઇમેજ બંધાઇ ગઇ છે..
(કોમવાદી કટ્ટરતા)

વટાવે રોક
પૂર્વજોની ફિક્સનો -
કોંગી વારસો
(બેઠકમાં ઉજવણી)

ચાલે છે નટ
તલવારની ધારે
આમ આદમી!
(તંત્ર અને વાયદા)

ચિંતન

મૂર્ખાણાં પંડિતા દ્વેષ્યા, અધનાનાં મહાધનાઃ ।
વારાંગનાઃ કુલસ્ત્રીણાં, સુભાગ્નાં ચ દુર્ભગાઃ ॥

મૂર્ખ-અજ્ઞાન-લોકો વિદ્વાન પંડિત સાથે વેર રાખે છે અર્થાત્ અજ્ઞાનીઓને જ્ઞાનીજન દીઠા ગમતા નથી એમને વિષે ગમે તેવું બોલે અને વિચારે છે.

દરિદ્ર-નિર્ધન-ગરીબ લોકોને ધનવાનો સાથે હૃદયથી દ્વેષભાવ હોય છે એમને ધનવાનો જોવા ગમતા નથી. પોતાના શત્રુ માને છે.

જ્યારે ચારિત્ર્યશીલ-કુલવાન-પતિવ્રતા સ્ત્રીઓ-વેશ્યાઓ અને કુલટાઓને વેરી જેવી લાગે છે. પવિત્ર સ્ત્રીની નજર અને આચરણરૂપી દોરેલી મર્યાદા રેખા - લક્ષ્મણ રેખાને પતિ કોઇ પણ રીતે ઓળંગી નથી શકતો, એમાં પ્રેમ-શ્રદ્ધા-વિશ્વાસની શક્તિ હોય છે.

જ્યારે વિધવા સ્ત્રીઓને સૌભાગ્યનું છત્ર-પ્રેમ-વાત્સલ્ય પામતી સધવા સ્ત્રીઓ પ્રત્યે ઇર્ષા વૃત્તિ હોય છે.

આ સંસારનો સામાન્ય નિયમ છે હંમેશા વિપરીત સ્થિતિવાળાં લોકો આપણને દુશ્મન જેવા લાગે છે.

દુખીને સુખી, બોલકાંને શાંત, દુરાચારી ને સદાચારીને ગમતાં નથી.

માણસે જીવનમાં ગમે તે પરિસ્થિતિમાં હોય પણ તાટસ્થ્યભાવે જીવવું જોઇએ.

સુવિચાર

- સુખ પૂર્ણ પણે વિકસે ત્યારે આનંદમાં પરિણમે, દુ:ખ ચરમકક્ષાએ પહોંચે ત્યારે વિષાદનો અનુભવ કરાવે — *ફ્રાન્સ વાલેસ*
- જે રાજીપો અનુભવે તે જ કોઈને રાજી રાખવા તત્પર થાય અને દુ:ખનો અનુભવ થતો હોય એ જ બીજાને દુ:ખી કરતા અચકાય — *મનુ સ્મૃતિ*
- પૈસા, પ્રસિદ્ધિ, પ્રતિષ્ઠા, પદ માટેની દોડ જ્યાં સુધી જીવનમાં ચાલુ રહે છે ત્યાં સુધી સંસાર, અને આ દોડ જ્યારે અટકે છે ત્યારે સન્યાસ શરૂ થાય છે — *ધર્મસૂત્ર*
- કર્મનું ફળ સુખ જ હોય. દુ:ખ ને કારણ-કર્તા સાથે સંબંધ નથી, પરંતુ દુ:ખ તો માનવીની કસોટી રૂપે આપે છે, પરિણામરૂપે નહીં — *એસ. ભટ્ટાચાર્ય*
- જે ધર્મ માણસને સરળ, નિખાલસ બનાવે તે ઊંચામાં ઊંચો ધર્મ — *ઓશો*
- શક્ય છે બદલાય આખે આખું આ જીવતર પછી.., મોંકળુ રાખીને મન ખુદને એકવાર મળી તો જો જરી — *રાજેશ વ્યાસ*
- પ્રયાસો વગર કોઇ પણ પ્રેરણા સાર્થક થતી નથી સફળતા માટે પ્રયત્નો કદી ટાળવા નહીં, જિંદગીમાં ટાળવા જેવું હોય તો એ માત્રને માત્ર ટાળવાની વૃત્તિ છે — *બર્નાર્ડ શો*

(સંકલન : દીપક બી.ભાસરા)

બોધ કથા

પ્રાર્થનામાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ હોય અને ઇશ્વરીય શક્તિમાં દૃઢ ભરોસો હોય તો પ્રાર્થના જરૂર સફળ થાય છે.

એક દંપતિ કારમાં કોઇ કામ અંગે નિકળ્યાં હતા. અજાણ્યું શહેર હતું. ડ્રાઇવર કાર ચલાવતો હતો. દંપતિ પાછળની સીટ પર હતું. ગાડી ગતિમાં હતી ત્યાં ડ્રાઇવરને અચાનક 'બંપ' દેખાયો અને ગાડીને બ્રેક મારી, પાછળ આવતી ગાડી પાછળના ભાગે ટકરાઇ, પતિ-પત્નીને બે બાજુથી માર પડ્યો. જીવ તો બચી ગયો, દવાખાને દાખલ થયાં. બંનેને પીઠના મણકા પર માર લાગ્યો હતો. સારવાર પછી ડોક્ટરોએ કહ્યું હવે તમારાથી ઊભા થઇ ચલાશે નહીં પથારીમાં જીવન પસાર કરવું પડશે. બંનેના બેપગ પરનો કાબૂ ગૂમાવ્યો હતો.

દંપતિ 'રામાયણ' પ્રેમી હતા. કોઇએ એમને 'હનુમાન ચાલીસા'ના એકસો પાઠની ઉપાસના બતાવી. દરરોજ પતિ-પત્ની 'નાશૈ રોગ હરે સર પીરા, જપત નિરંતર હનુમાન બીરા' ના બીજ મંત્રથી હનુમાન ચાલીસાના પાઠ પથારીમાં પડ્યા પડ્યા કરવા લાગ્યાં. (બીજમંત્ર એટલે હનુમાન ચાલીસાની દરેક પંક્તિ પછી આ પંક્તિઓ બોલાવી)

અને એક સપ્તાહમાં જ પગમાં ચેતનનો સંચાર થતો દેખાયો. થોડી થોડી કસરત ઉમેરાઇ.

અને ત્રણ મહિનામાં દંપતિ પગ પર ઊભાં થઇ ગયાં અને ઘરમાં હરીફરી શકે એટલું ચાલતાં પણ થઇ ગયાં. ડોક્ટર જ્યારે આ પ્રગતિ જાણી ત્યારે આશ્ચર્યચકિત થઇ ગયા. સાચા હૃદયથી કરેલી પ્રાર્થનાનો આ છે પ્રભાવ.

Email - sureshchandrabhatt18@gmail.com

સુવર્ણ અક્ષરે લખાયેલા દિવસો એટલે ? રજા ?

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

પંદરમી ઓગસ્ટનો દિવસ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલો છે. ૧૯૪૭ના આ દિવસે આપણે અનેક દેશભક્તોનાં બિલદાનો અને લાંબી લડત પછી ગુલામીની બેડીઓમાંથી છૂટ્યા - એ જમાનામાં કેટલાય બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોએ પણ આ લડતમાં પોતપોતાની રીતે ફાળો આપ્યો હતો. કેટલીક માના પુત્રો હોમાઇ ગયા હતા. જો કે, આજે પંદરમી ઓગસ્ટે આપણે ભાગ્યે જ આ બધું યાદ કરીએ છીએ. ઝવેરચંદ મેઘાણીની 'કોઇના લાડકવાયો' કવિતા આપણામાંના કેટલા યાદ કરે છે? નવી પેઢીનાં અંગ્રેજી મીડીયમવાળાં બાળકોને તો આવી સુંદર કવિતાનો ખ્યાલ પણ નહીં હોય.

આપણા આ યાદગાર દિવસના માનમાં સરકારે પંદરમી ઓગસ્ટે જાહેર રજા ઘોષિત કરી છે. શાળા, કોલેજો, સરકારી ઓફિસોમાં ધ્વજવંદન થાય. ભાષણો-સેમિનારો યોજાય, દેશભક્તિનાં ગીતોની સ્પર્ધા થાય વગેરે. બાળકો માટે પણ આ દિવસ યાદગાર બને તે માટે ઘણી શાળાઓમાં ચિત્રસ્પર્ધા, નાસ્તાપાણી, ઇનામો, ભેટ, વગેરેનું આયોજન થાય છે.

એક વખતની વાત છે. હું કર્ણાટકના અંતરિયાળ ગામડાના એક અઠવાડિયાના પ્રવાસે ગઇ હતી. પંદરમી ઓગસ્ટે શુક્રવાર હતો, તેથી કોઇ શાળામાં ધ્વજવંદન કરવા જવાની મારી ઇચ્છા હતી. હું બસસ્ટેન્ડ ઉપર બસની રાહ જોતી ઊભી હતી. બસ સ્ટેન્ડ પર જે શાળામાં હું પંદરમી ઓગસ્ટે જવા માંગતી હતી, તેના જ હેડમાસ્ટર ભેગા થઇ ગયા. મને જોઇને ખુશ થઇ ગયા. બહુ ઓછા લોકોમાં મોં પર આજકાલ સાચા ભાવ દેખાય છે. શહેરોમાં તો લોકોનાં મનમાં શું ચાલતું હોય અને મોં પણ શું દેખાતું હોય! આસમાન-જમીનનો ફરક પડી જાય. ગામડામાં હજુયે લોકો પારદર્શક છે. જે મનમાં તે જ મોં પર, કોઇ દેખાડો નહીં.

હેડમાસ્ટર ઉતાવળમાં હતા. છતાંય મને કહે : 'બહેન, ક્યાં ચાલ્યા? બેંગ્લોર?' (અમે બંને બેંગ્લોર અને તેમના ગામની વચ્ચેના એક નાના શહેરમાં મળ્યાં હતા.) તેમણે આગળ ચલાવ્યું, 'કાલે તો ૧૫મી છે, પરમ દિવસે શનિવાર. રજા પાડી દો તો ત્રણ દિવસ તમારાથી બેંગ્લોર જઇ અવાય.'

મેં કહ્યું, 'ના, ના. હું ઘેર નથી જતી. મારે આ તાલુકામાં જ થોડું કામ છે. આવવા-જવામાં ખોટો ટાઇમ ક્યાં બગાડું?' હેડ માસ્તર કહે, 'ના... ના, આ તો અમસ્તું જ પૂછતો હતો. હું બેંગ્લોર જ જાઉં છું. તો એમ કે તમારી કંપની રહેશે.'

મેં કહ્યું : 'કાલે તો ૧૫મી ઓગસ્ટ છે ને? તમારી શાળામાં કોઇ ફંક્શન નથી? હેડમાસ્ટરો-શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે આ તો અત્યંત મહત્ત્વનો દિવસ ગણાય. તમે તમારી શાળામાં ધ્વજવંદન, પરેડ...બધા પ્રોગ્રામ નથી ગોઠવ્યો?'

હેડમાસ્ટર પહેલાં તો જરા ઝંખવાઇ ગયા. પછી કહે, 'જવા દો ને બહેન, આ પંદરમી ઓગસ્ટ તો તદ્દન સમયની બરબાદી છે. એના એ નહેરૂ, સુભાષચંદ્ર બોઝ ને ગાંધીજી, એની એ ડ્રીલ-પરેડ અને એ જ બોરિંગ દેશભક્તિનાં ગીતો. મારે તો આજકાલ કરતાં આ વીસ વરસની નોકરી થઇ, ને દસ તો બદલીઓ થઇ. આ નેશનલ હોલિડેઝથી તો હું કંટાળી ગયો છું. સ્કુલે બંધેય ન કરી શકાય. આ બધી એ જ જુનીપુરાણી કવાયતો કરવી પડે. ભઇસા'બ એના કરતાં તો દિવાળી કે ક્રિસમસની જેમ બરોબરની આકેઆખી રજા જાહેર કરી દેતા હોય તોય સારૂં !!'

તેમને અંસતોષ-બળાપો તેમણે બરોબર વ્યક્ત કર્યો. મેં પૂછ્યું, 'તે તમે બેંગ્લોલ શા માટે ઊપડ્યા?'

'અરે બહેન, જુઓને પાછા બદલીનો કાગળ આવ્યો છે. કોઇ સાહેબને શોધીને ખિસ્સા ગરમ કરવાં પડશે. ત્યારે બે વર્ષ લંબાશે? મારી દીકરીનું શોભા ખરીને? ઓળખો ને? હવે નક્કી થાય તેમ છે. અત્યારે આ બદલી થાય તો બધું વેરવિખેર થઇ જાય.'

હેડમાસ્ટર પણ આખરે તો એક પિતા જ છે ને? હજુયે મારા મનમાંથી સ્વાતંત્ર્ય દિવસનું ફંક્શન ખસતું ન હતું. મેં પુછ્યું, 'તો તમારી સ્કૂલમાં ફંક્શન કોણ સંભાળશે?'

હેડમાસ્ટરે મારી દયા ખાતા કહ્યું, 'શું બળ્યું છે ફંક્શનમાં ? અમારા ડેપ્યુટી હેડમાસ્ટરને મેં કહી દીધું છે બધી 'વિધી' તમે જ 'પતાવી' દેજો. મારૂં ભાષણ તો છેલ્લા વીસ વર્ષથી લખીને રાખ્યું છે. બે વર્ષ પહેલાં તો કોમ્પ્યુટર પર મુકી દીધું છે. મારા વતી તમે ભાષણ 'ફટકારી' દેજો. વીસ વર્ષમાં ક્યાં કશુંય બદલાયું છે? હું તો આજે સ્કૂલે જ નથી ગયો. છોકરાઓ પણ કોઇ નહીં આવે. બોરિંગ ભાષણબાજીમાં આજકાલ કોઇને રસ નથી. સ્કૂલની બાજુના ટેન્ટમાં (ગામડામાં વીડિયો પાર્લર તંબુમાં હોય છે). કલમ હાસનની નવી ફિલ્મ લાગી છે, તે મુકીને ધ્વજવંદન કરવા ભૂતોભાઇ આવવાનો ?

તેમની બસ આવી અને તેઓ ધક્કામુક્કી કરતાં બસમાં ચડી ગયા. મારી પણ ધૂળના ગોટા ઉડાડતી બસ ઉપડી ગઇ અને હું વિચારોમાં ખોવાઇ. અઠવાડિયાનું કામ પતાવી હું પણ બેંગ્લોર પહોંચી ગઇ. મારી મિત્ર મમતા ટિચર છે. તેના ઘરે જમવા જવાનું હતું. ફરી ફરીને પાછો એ જ પંદરમી ઓગસ્ટનો પ્રસંક મારા મનમાં આવતો. મેં મમતાને પૂછ્યું, 'તમારી સ્કૂલમાં પંદરમી ઓગસ્ટ કેવી રીતે ઉજવી? ફંક્શન સારૂં ગયું.'

મમતા કહે, 'પૂછીશ જ નહીં. ભયંકર ગોટાળો થયો. અમે બધાં ટીચરો તો સવારના સાડા સાતે જ સ્કૂલ પર પહોંચી ગયા. ગર્વમેન્ટ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી, આઇ.એ.એસ. ઓફિસર સાહેબ પણ ટાઇમસર પહોંચી ગયા. એમને ચીફ્ગેસ્ટ બનાવેલા તેથી બિચારા સરસ ભાષણ તૈયાર કરીને લાવેલા... પણ...' 'પણ શું થયું? હેડમાસ્ટર ન આવ્યા? પેલા ગામડાના હેડમાસ્ટર મારા સ્મૃતિપટ પર તાજા હતા તેથી મારાથી પૂછાઇ ગયું.'

'ના... ના, તે તો સાત વાગ્યામાં આવી ગયેલા. બિચારાને બે ડિગ્રી તાવ અને સખત શરદી ઉધરસ હતા તોય આવેલા. પણ અમારી શાળામાં હજાર વિદ્યાર્થીઓમાંથી માંડ સ્ટાફ સાથે ૫૦-૬૦ જમ થયા. પાંચસો નો તો નાસ્તો મંગાવેલો.'

'હાય, હાય એમ?'

'હા, શુક્રવાર પંદરમી અને શનિ-રવિ રજાઓ હતી તેથી કોઇ ફુર્ગ તો કોઇ ઉટી-કોડાઇ-મુનાર ભાગી ગયા. કેટલાંયનાં બેંગ્લોરની આસપાસ ફાર્મહાઉસ-પ્રોપર્ટી છે ત્યાં જતા રહ્યાં. મા-બાપને જ પડી ન હોય તો બાળકોને શું પડી હોય? કેટલાય વિદ્યાર્થીઓ મલ્ટિપ્લેક્સ થિયટરોમાં ને વિડિયો પાર્લરોમાં જોવા મળ્યા હતા. અમે તો મોટા ઉપાડે આઇ.એ.એસ. ઓફિસરને બોલ્યા અને અમારે તો મેં દેખાડવા જેવું ન રહ્યું.' મમતા બોલી.

'બાળકો માટે હાજરી ફરજિયાત ન હતી?' મેં પૂછ્યું.

'અરે, અમે તો વિદ્યાર્થીઓ સાથે વાલીઓને પણ આમંત્રણ આપ્યું હતું પણ કુવામાં હોય તો હવાડામાં આવે ને?'મા-બાપ જ સામે ચાલીને બાળકોને ન મોકલે - ખોટાં મેડિકલ સર્ટિફ્કેટો રજૂ કરે. બોલ, શું કરે સ્કૂલ? ઘણી વાર તો મને થાય છે કે ૨૬ જાન્યુઆરી અને ૧૫મી ઓગસ્ટ રજાઓ જ બંધ કરી દેવી જોઇએ. શાળો ચાલુ રાખો. એકાદ પિરિયડમાં ધ્વજવંદન-રાષ્ટ્રગીત વગેરે પતાવી રોજિંદુ કામકાજ શરૂ કરી દો. આજકાલ તો આ બે દિવસો એટલે રજા રજા - મજા મજા... બસ, ખાઓ-પીવો, લહેર કરો. દેશભક્તોને યાદ જ કોણ કરે છે? શું કહે છે? આ બે રજાઓ તો કેન્સલ કરવા જેવી જ છે.

હું શું જવાબ આપું? આ પ્રશ્નનો મારી પાસે કોઇ જવાબ નથી.

વાચકો, તમે શું માનો છો? તમે સારાં સૂચનો મોકલશો તો હું ખૂબ આભારી થઇશ. ઘણાં બધાં ટીચર્સ રચનાત્મક સૂચનો આવકારશે. હમણાં ધીરૂભાઇ અંબાણીના મૃત્યુના સમાચાર આવ્યા. તેમના માનમાં એક દિવસ ધંધારોજગાર બંધ રાખવાનું કોણ જાણે કોણે નક્કી કર્યું? અરે, શૂન્યમાંથી સર્જન કરનાર આવી મહાન વિભૂતિએ તો પોતાની કંપનીય બંધ રાખવાની નથી કહ્યું, તો શા માટે બીજાઓને દોઢડહાપણ કરવું જોઇએ? સદ્ગતના માનમાં બે કલાક વધુ કામ કરીને તેમને કાર્યપદ્ધતિને શ્રદ્ધાંજલિ ન આપી શકાય? શું કહો છો, સુજ્ઞ વાચકો, ધીરૂભાઇને કોઇએ એક વાર ભૂલમાં જ આરામ અને નિવૃત્તિ વિશે પૂછ્યું હતું, ત્યારે તેમણે તેમની લાક્ષણિક અદામાં કહ્યું હતું, I Will Retire at the cremation Ground. (હું સ્મશાન પહોંચીને જ નિવૃત્તિ લઇશ, તે પહેલાં નહીં) વાહ... સલામ છે તમને અંબાણી શેઠ!

છેલ્લા આઠ વરસથી 'ગાંધીનગર સમાચાર'ના મધ્યવર્તી પૃષ્ઠ પર મારી કલમ રઝળતી અને રસળતી રહી છે.

મેં મારા આદર્શ - 'રોલ મોડેલ' તરીકે કોઇ એક વ્યક્તિને નથી રાખી મૂકી. વિવિધ ક્ષેત્રે કામ કરતી પ્રતિભાવંત વ્યક્તિઓને હું નીરખતી - પરખતી રહું છું. વ્યવહાર અને પરિવાર ક્ષેત્રે મારાં ફોઇ - મારા પાલક માતા શાંતાબેન દેસાઇ મારાં રોલ મોડેલ છે તો 'વિશાળે જગવિસ્તારે' મને સૂધા મૂર્તિ જેવા સૌમ્ય મહિલાને રોલ મોડેલ તરીકે મૂકવાં ગમે છે.

એક મહાન ઔદ્યોગિક સામ્રાજ્ય સાથે સંકળાયેલાં આ સન્નારીની કલમે શિક્ષક અને શિક્ષણ વિશેની ઉમદા ચર્ચા વાંચવી ગમશે જ. સૌને સાલ મુબારક!

- અયના

(સંદર્ભ : 'અયલા'ના ડિસે. ૨૦૧૩ અંકમાં પ્રકાશિત સુધા મૂર્તિનો લેખ)

રોમાંચક અને રહસ્યમય છતાં પ્રેમ પામવા માટે ત્યાગ અને બલિદાનની ભાવનાપૂર્ણ સંવેદનાત્મક શૈલીમાં આલેખાયેલી કથા

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

વતનથી દૂર રહેવું અને વતનમાં મૂળ રોપી રાખવા ત્યાં પાછા ફરવાની ઝંખના અને સમાંતરે જ્યાં હોઇએ ત્યાં પણ ઝળહળવાની તીવ્રતા - આ બધી વાતનો સહિયારો અનુભવ એટલે ડાયસ્પોરા. સ્વદેશ અને પરદેશ, વતન અને યજમાન દેશ બંને બાજુએથી વિખૂટાપણાનો અનુભવ. તેમાં વતન ક્યું છે અને નિવસિન ક્યું છે. ડાયસ્પોરાના અર્થ પરિવર્તનમાં નિર્ણયાત્મક રીતે આ સ્થાન અર્થકારણે લીધું છે. તેમ છતાં વિદેશોમાં વસતા કેટલાક ગુજરાતી સર્જકોએ કેટલું ક વિશિષ્ટ, લાક્ષણિક મૌલિક પ્રદાન કર્યું છે. તેમણે પૂર્વની વીણાના સૂર સાથે પશ્ચિમની ગિટારના ઝંકારનું જે સંમિશ્રણ કર્યું છે તે અનેરૂં સંગીત વહાવે છે.

બે ભિન્ન સંસ્કૃતિઓનું મિલન પ્રશ્નો ઊભા કરે છે. તેમાં ખાસ તો વસાહતી પ્રજાએ મથામણ કરવાની હોય છે. પોતાની સંસ્કૃતિ સાચવવાની, ધર્મ સાચવવાની, ભાષા સાચવવાની. પરંતુ આ સાચવવાની પ્રક્રિયામાં પોતે અલગ બની રહે તો કેમ પાલવે, તેમાં જે તે દેશની ભાષા સંસ્કૃતિ સાહિત્યનો સર્જનાત્મક પ્રભાવ તો આવે જ. અને તે જરૂરી પણ છે. પ્રશ્ન તો એ છે કે અમેરિકા (કેનેડા)માં વસતા સર્જક ગુજરાતમાં લખાતા રચાતા સાહિત્યની મુખ્યધારા પ્રમાણે લખે છે કે લખવા પ્રયત્ન કરે છે. તેમાં તે પોતાની એક આગવી મુદ્રા પણ ઊભી કરે છે. અનેક ભારતીય લેખકોએ વિદેશમાં અંગ્રેજીમાં લખીને સારી નામના કાઢી છે. તેમાં તેમની આગવી પ્રતિભા પ્રગટે છે. એ રીતે વિદેશના ગુજરાતી લેખકોને જે લાભ મળે છે. ખાસ કરીને વિદેશી સંસ્કૃતિનો, વિદેશની ધરતી પરના વસવાટનો અથવા તો તેને આત્મસાત કરવાની મથામણોનો તે તેમના લખાણોમાં પ્રતિબિંબિત થાય છે. તે પણ માત્ર શોખ તરીકે નહીં પણ એક ગંભીર સાધના રૂપે. સાહિત્ય સર્જનમાં આ અપેક્ષા કેનેડામાં વસતા જય ગજ્જરે આકાર કરી છે ત્યારે આજે મારે તમને તેમની જ એક નવલકથા વિશે વાત કરવી છે.



'નેડો લાગ્યો' જય ગજ્જરની છવ્વીસ પ્રકરણઓમાં વિશાળ ફલક પર આલેખાયેલી નવલકથા છે. જે અગાઉ "ગુજરાત સમાચાર" માં હપ્તાવાર પ્રગટ થઇ ચુકી છે. પુસ્તક રૂપે પ્રગટતી આ નવલકથા ને ગુ.સા.ના ભૂતપૂર્વ ભાષા નિયામક કાલીદાસ ત્રિવેદી 'ગુજરાતી સાહિત્યમાં નવી હવા લઇને આવતી નવલકથા તરીકે આવકારે છે તો બ્રેમ્પનટ, ઓન્ટારિયો કેનેડાથી રવિન્દ્ર ભોજક 'અનેક રીતે જુદી તરી આવતી એક બેનમૂન નવલકથા તરીકે બિરદાવે છે અને કેનેડા નિવાસી લેખિકા સ્મિતા ભાગવત એક આગવી કેડી કંડારતી રસ ભીની નવલકથા તરીકે ઓળખાવે છે.'

નવલકથાનો પ્રારંભ ખુબ જ નાટ્યાત્મક રીતે થાય છે. ત્યાંથી જ તે પ્રબળ કુતુહલ અને જિજ્ઞાસા જગાડે છે. ગોરી યુવતી 'મીરાં' ભારતીય યુવાન કિશનને પ્રથમ મુલાકાતે જ સ્ત્રીના હૃદય સ્પર્શી લોભામણા મીઠા શબ્દોથી તેના હૃદયને હચમચાવી નાંખી અલોફ થઇ જાય છે. ત્યારે આ ગોરી યુવતી મીરાંના ઇંતજાર અને તે મળશે કે કેમ તેની ભારે આતુરતા જગાવી લેખક વાચકને કથાનકમાં જકડી રાખે છે પછી ઘણા સપ્તાહ બાદ મીરાં મળ્યાના આનંદ સુધી રસના અનેક ચઢાવ-ઉતાર આલેખતી આગળ વધતી આ નવલકથા કિશનના કરૂણ જીવનના કરૂણ રસના મુખ્ય પ્રવાહમાં અમર અને રીટાના પ્રેમ પ્રકરણને રસમય રીતે આલેખે છે. રાજુને પુત્ર જન્મના આનંદમાં મગ્ન અને મસ્ત બની મહાલતો આલેખી તથા રીટાને પુત્ર જન્મનો આનંદ તો દૂર રહ્યો પુત્ર એની પળોજણમાં વધારો કરનારો છે એમ ગણતી કુમાતા રીટા પોતે વિધવા થવાની કરૂણ ઘટનાને ઉપર છલ્લા શોક, દુ:ખનો દેખાડો કરી મનમાં અમર સાથે છાનામાના મળી દેહસુખ માણતી મીઠી મધુરી રાત્રીઓ માણે એ અંતે બે પ્રેમીઓ ભાગી જતાં જતાં માર્ગમાં કિશનને અનાથાશ્રમની ચાતના ભરી જીંદગીમાં ધકેલી દે, તે મેટ્રિક સુધી ભણે, ભાગી જાય, ભીખ માંગે અને ભાગ્યનું પાનું પલટાય. જહાજની એની જિંદગી, ન્યૂયોર્કમાં ખોવાઇ જવાની રીતે ગેરકાયદેસર પ્રવેશ અને વસવાટ, ક્રુર કેપ્ટનને રાજી કરવાના નુસખા, આવી આવી અનેક વૈવિધ્યસભર ઘટનાઓ અને વાચકને માણવા ગમે એવાં કરૂણ પ્રેમ, જિજ્ઞાસા, જુગુપ્તા, અદ્ભૂત, શાંત એવા વિવિધ રસોનાં સ્વાભાવિક પલટાતા રસ પ્રવાહો અને રસ પ્રયાસોને લેખકે સબળ અને સફળ રીતે વણી લીધી હોઇ આ ઘટનાપ્રચુર નવલકથા એકવાર હાથમાં લીધા પછી મુકવાનું મન ન થાય એવી વિવિધ રસસભર કથા છે.

ગુજરાતી નવલકથાઓમાં સામાન્ય રીતે ખૂટતું અને વારંવાર ખૂંચતું તત્ત્વ 'અનુભવ વૈવિધ્ય અને ઘટના નાવિન્ય' આ નવલકથામાં તેના લેખકના જાત અનુભવ અને અવલોકનથી પરિપૂર્ણ બન્યું છે. તે ભાવકને પણ જાત અનુભવની પ્રતિતી કરાવે એવું પ્રબળ છે. 'અમેરિકન વે ઓફ લાઇફ' જીવનરીતિ, જીવન તરફનો અભિગમ, અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ લેનાર ભારતીયની મુંઝવણ, મુશ્કેલીઓ અને નોકરીયોમાં ચાતના અને શોષણ, ભયાકુલ જીવન એવી તાજી, પૂર્ણ વાસ્તવિક વિગતો વાર્તાની ઘટનાઓમાં પ્રભાવક રીતે સર્જનાત્મક તરીકાથી લેખકે વણી લીધી છે. આ બાબત નવલકથાનું જમા પાસું છે તેમ જરૂરથી કહી શકાય.

સમગ્ર નવલકથામાં કેટલાય પ્રકરણો સારાં અને લાગણીસભર કથાનકવાળા છે. ભાવનાત્મક છે અને એને કારણે કંઇક અંશે લાંબા પ્રકરણોને પણ કલાત્મક ઉઠાવ મળ્યો છે. તેથી તેના ભાવપૂર્ણ ચિત્રો રાહત આપનારાં નિવડ્યા છે.

'નેડો લાગ્યો'ના લેખક જય ગજ્જરનો જન્મ ૨૬ જુલાઇ ૧૯૩૪ છે. મહેસાણા જિલ્લાના પાનસર ગામના વતની અને છેલ્લા છ દાયદાખી વિદેશમાં વસવાટ કર્યો છે. કેનેડામાં રહેતા હોવા છતાં ગાંધીનગરનું તેમને જબરૂ આકર્ષણ છે. દર વર્ષે ગાંધીનગર આવે છે. નવલિકા, નવલકથા ક્ષેત્રે તેમનુ મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. તે માટે દેશ-વિદેશમાં અનેક પારિતોષિકો પણ તેમને મળ્યાં છે. આંદીનો ઉજાસ, તિમિરનાં તેજ, તુલસીનો છોડ, પ્રેમ દિવાની, શરદ તારૂં ગુલાબ જેવા પુસ્તકો બાદ 'સહિયારો સાથ', 'નેડો લાગ્યો' છે તેવા વતન પરસ્ત જગ ગજ્જરને આવી રસપ્રદ નવલકથા આપવા બદલ અભિનંદન પાઠવું છું અને કૃતિને આવકારૂં છું.

નેડો લાગ્યો (નવલકથા) : લેખક - જય ગજ્જર

પ્રકાશક - રન્નાદે પ્રકાશન, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, કિંમત - રૂા. ૧૪૫, પાના - ૨૭૨

પોતાને એક ટકાનો ફાયદો થતો હોય તો અન્યને સો ટકાનું નુકસાન કરતાં માણસના નામે ફરતા પડછાયાને સહેજ પણ ક્ષોભ થતો નથી

કયાં છે માણસ? અક્ષયપાત્ર

- બકુલ દવે

અબ કહોં ઇન્સાં જિસે ઇન્સાં કહે,
ચલતીફિરતી દેખ લો પરછાઇયાં ॥

- જિગર મોરાદાબાદી

દાગના શિષ્ય જિગર મોરાદાબાદીનો આ શેર વાંચતાં જ એવું લાગે છે કે એમણે આપણા મનની વાત ચોટદાર અંદાજમાં કહી દીધી છે. શાયરીની આ જ મજા છે. ઘણીવાર શબ્દોની લાંબી વણજાર કશું સ્પષ્ટ કહી શકતી નથી, ત્યારે શાયર થોડા શબ્દોમાં મર્મનો વેધ કરતો હોય છે. આપણે કશુંક શોધતા હોઇએ છીએ આપણી ભીતર. શાયર શબ્દોનું અજવાળુ કરી દે છે ત્યારે આપણી શોધ પૂરી થાય છે. વિસ્મય પણ અનુભવાય છે કે આપણે જે શોધી રહ્યાં હતાં તે તો બિલકુલ અનભૂતિજન્ય છે. આપણી વ્યથા, પીડા અને અનુભૂતિને શાયર અર્થ આપે છે.

એવી જ સાર્થકતાનો સ્પર્શ જિગર મોરાદાબાદીના આ શેરમાં અનુભવાય છે. આપણે માણસ છીએ ને માણસને લઇને જ વ્યથિત છીએ. માણસ એની માણસાઇ- માણસપણું ગુમાવતો જાય છે એ દુ:ખની કરવતથી આપણે પ્રતિક્ષણ વહેરાતા જઇએ છીએ. આપણી આ વ્યથાને શાયરે વાચા આપી છે. આપણા હૈયે જે પીડા હતી એને એણે હોઠ પર લાવી દઇ, આપણે વ્યકત થઇ હળવાશ પામી શકીએ એવી શકયતા સર્જી છે.

કવિ ઉમાશંકર જોશીએ કર્યું : હું માનવી માનવ થાઉં તો ઘણું. જિગર મોરાદાબાદી અને ઉમાશંકર જોશી ક્યાંક કોઇ એક બિંદુએ મળે છે.

આજે આસપાસ જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં મૂલ્યોનો હ્રાસ થયેલો જણાય છે. માણસમાં બુદ્ધિની ધાર તેજ થઇ છે, પણ સંવેદનશીલતા બુઠ્ઠી થતી જાય છે. એ પોતાના અને માત્ર પોતાના લાભની વાત જ વિચારવા લાગ્યો છે. વ્યક્તિગત સ્વાર્થના ખાબોચિયામાં એ ભૂંડની જેમ આળોટી રહ્યો છે. સુખ મેળવવાની લાયમાં એને ઊંચે જોવાનું સૂઝતું જ નથી. ઊંચું જિએ તો આકાશ દેખાય ને? એને તો ખાબોચિયામાં જે આકાશ દેખાય છે તે મટમેલું અને ગોબરું-ગંધાતું આકાશ જ સત્ય છે.

પોતાને એક ટકાનો ફાયદો થતો હોય તો અન્યને સો ટકાનું નુકસાને કરતાં માણસના નામે ફરતા પડછાયાને સહેજ પણ ક્ષોભ થતો નથી. પડછાયાની પ્રકૃતિ અને નિયત છે, ઝળહળતા અજવાળામાં પણ અંધકારનો ટુકડો બની રહેવાની. અજવાળાની બહુમતીમાં પણ પડછાયો અંધકારને વફાદાર રહે છે. કારણ કે અંધારું જ એનું જીવનોસ્ત્રોત છે ને જીવાદોરી પણ.

માનવીમાંથી માણસ થવાનું અઘરું નથી, પણ પડછાયો થઇ ગયેલા માણશે એને અઘરું બનાવી દીધું છે. જ્યારે કોઇ અન્યના સુખનો વિચાર કરે છે ત્યારે એ પોતે પણ સુખ અને સંતોષ મેળવી શકે છે. એનાથી ઊલટું એ જ્યારે પોતાના જ સુખ માટે ઝનૂની બની જાય છે ત્યારે એ સ્વયં દુખી થઇ અસંતોષની આગમાં ભડભડ બળે છે અને અન્યની પીડાનું કારણ પણ બને છે.

**વૃક્ષો કપાતાં જઇ જે રીતે સિમેન્ટ-કૉંક્રિટનાં જંગલ ઊભાં થતાં રહે છે તે રીતે માણસો મટી જઇ હવે પડછાયાનાં ટોળાં સર્વત્ર ઘૂમતાં દેખાય છે. પડછાયાને આત્મા હોતો નથી. એ અન્ય સાથે કેવી રીતે આત્મીય બની શકે? આત્માની ગેરહાજરીમાં પડછાયાઓ એકબીજા સાથે રહે છે, જીવ છે. ઉમાશંકરે એક વાર આર્તનાદ કર